# વી. એન્ડ સી. પટેલ ઇંગ્લીશ સ્કૂલ

Our pride; empowered child.

ધોરણ-૧૨ **પ્રથમ સત્રાંત પરીક્ષા : ૨૦૧૭** સમય : ૩ કલાક

તા. ૨૨-૯-૧૭ વિષય : ગુજરાતી કુલ ગુણ : ૧૦૦

સૂચના : – બધા જ પ્રશ્નોના ઉત્તરો ફરજીયાત છે. – જમણી બાજુ આંકડા ગુણ દર્શાવે છે.

## વિભાગ-અ (Advanced Reading Skills)

પ્ર-૧ નીચે આપેલો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો તમારી ભાષામાં લખો. ૧૦

કોઇ કોઇ માણસોની પ્રકૃતિ એવી હોય છે કે બોલતાં પણ વઢી પડે છે, સહજમાં માઠું લગાડી બેસે છે, ને એ કોઇ રીતે નિરાંતવાળી બેસતાં નથી. એનાથી આપણને કોઇને કશો લાભ નથી. કેટલાંકને તો એવી ટેવ હોય છે કે એક સામાન્ય વિનંતી પણ પ્રસન્નતાથી કરી શકતાં નથી. આજ્ઞા કરવાને જ જાણે તે અવતર્યો હોય, સામા માણસનાં મન દુભાવવાનો જ તેમનો ધંધો હોય, બીજાની દરકાર ન કરવી એ જ તેમનો હક હોય તેમ તેવાં માણસ નિરંતર વર્તે છે. તેમને જે જ્ઞાન મળે છે તે પણ ઓછું લાગે છે. તેમને કશું જ ગમતું નથી, બધી વાતોમાં કાંઇને કાંઇ ખામી જણાય છે; તેવાં માણસ નિરંતર અપ્રસન્ન રહે છે ને જ્યાં જાય ત્યાં ક્લેશ પેદા કરવાનું કારણ થઇ પડે છે. ઘરમાં પણ છોકરાંછૈયાં જાણે કોઇ વાઘ આગળ ઊભો હોય તેમ તેમની આગળ ફરે છે; બહાર લોકમાત્ર તેનાથી દૂર ચાલ્યાં જાય છે. આ બધાનું કારણ શું ? માત્ર અપ્રસન્નતા જેનામાં કોઇ ઉત્તમ ગુણ હોય છે, તે તો સાળ જેવાં નમ્ર હોય છે, સર્વત્ર પ્રસન્ન હોય છે. પણ જાતે પ્રસન્ન રહી બીજાને પ્રસન્ન રાખવામાં અતિશય નમ્રતા ધારણ કરવી, ખોટી પ્રશંસા કરવી, એનું નામ ખુશામદ. જેની ખુશામદ કરવામાં આવે છે તે માણસ પોતાની કિંમત જાણતો જ હોય છે, એટલે ખોટી ખુશામદ કરવામાં કવચિત જ રાજી થાય છે. સારા માણસ એ રીતે પ્રસન્ન થતા નથી, અને આપણે જૂઠું બોલવાનું પાપ કરીએ છીએ. આપણે જેવા હોઇએ તેવા જણાવું, ને જેને જવું હોય તેવું કહેવું. પણ તેમાંય આપણે ધારીએ તેટલી નરમાશ વાપરી શકીએ. સામા માણસને માઠું ન લાગે તેવી નરમાશથી વ્યવહાર રાખવામાં આપણી અને તેની, બન્નેની પ્રસન્નતા સારી રીતે સચવાય છે. અને એવી નરમાશથી કહેલું અસર કરી શકે છે.

પ્રશ્નો :

૧. માણસની પ્રકૃતિ કેવા કેવા પ્રકારની હોય છે ?
૨. ઉત્તમ ગુણોવાળી વ્યક્તિ કેવી હોય છે ?
૩. અપ્રસન્ન વ્યક્તિ આગળ છોકરાંછૈયાં કેવી રીતે રહે છે. ?
૪. ખુશામદ એટલે શું ?
૫. આ ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

## વિભાગ-બ (Effective Writing Skills)

પ્ર-૨ અ. નીચે આપેલા વિષયમાંથી કોઇ પણ એક વિષય પર ૨૫૦ શબ્દોમાં નિબંધ લખો. ૮

૧. પ્રદૂષણ : એક સાર્વત્રિક સમસ્યા.
૨. સમાજમાં કન્યા કેળવણીનું મહત્ત્વ.
૩. જો હું નેતા હોઉં તો...

બ. નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા રચના કરી તેને યોગ્ય શીર્ષક આપો. ૬

બે ગામ – વચ્ચે નદીનું વહેણ – નદીનો પુલ સાંકડો – એક વાર બે બકરીઓનું આવવું – સામ સામે ઊભા રહેવું – એક બકરીનું બેસી જવું – બીજીનું ઉપરથી પસાર થવું – રસ્તો પાર – બીજી વાર – બે કૂતરાઓનું પુલ પર આવવું – સામ સામે ઊભા રહેવું – ભસવું – ઝઘડવું નદીના પાણીમાં પડી જવું – બન્નેનું મરી જવું – બોધ – શીર્ષક.

ક. 'ફ્રેન્ડશીપ ડે' ની ઉજવણીના સંદર્ભમાં મિત્રતાનું મહત્વ સમજાવતો પત્ર તમારા નાનાભાઈને લખો. ૬

અથવા

તમારા વિસ્તારમાં મચ્છરોનો અતિશય ત્રાસ હોવાથી તે દૂર કરવા નગરપાલિકા અધિકારીને પત્ર લખો.

## વિભાગ-ક (Applied Grammar)

પ્ર-૩ અ. સૂચના પ્રમાણે પરિવર્તન કરો. ૩

૧. ઈશ્વરની આ દુનિયા કેટલા અચરજથી ભરેલી છે. (ઉદ્‌ગાર વાક્ય બનાવો)

૨. ભાઈ, આવા માણસને મોકલ્યો. (પ્રશ્ન વાક્ય બનાવો)

૩. "રડો નહી, બોલો, હવે બરાબર વાંચશો ને ?' (વિધાન વાક્ય બનાવો)

બ. નીચે આપેલા રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્ય પ્રયોગ કરો. ૩

૧. ક્રોધ પ્રજળી રહેવો. ૨. લાપસી પીરસવી ૩. રાતી આંખ કરવી.

ક. નીચેની કહેવતોનો અર્થ લખો. ૩

૧. કુમળો છોડ વાળીએ તેમ વળે.

૨. દાંત આપ્યા છે તે ચવાણું પણ આપશે.

૩. સુખમાં સમરે સોની ને દુઃખમાં સમરે રામ.

ડ. નીચેના વાકયોના સૂચના પ્રમાણે કાળ બદલો. ૩

૧. છોકરાઓનું ટોળું મદારીનો ખેલ જોતું હતું. (સાદો ભવિષ્યકાળ બનાવો)

૨. સુનિતા શિક્ષક પાસે દાખલા ગણતી હતી. (પૂર્ણ વર્તમાનકાળ બનાવો)

૩. આજે સવારે મામા મારે ઘેર આવ્યા. (પૂર્ણ ભૂતકાળ બનાવો)

ઇ. નીચેના વાકયોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારો. ૩

૧. 'અરે, એમ સેઠ હોય, છોટાભાઇ ! જામિન હું'

૨. રહ્યાં પુછી મોટેરાં એકીસાથે ત્રળ.

૩. તકરારો દીવાળીમાં જ લોકોને એ સૂજે છે.

ઈ. (૧) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દ આપો. ૨

૧. શ્રેય ૨. મહેફિલ ૩. ખપ ૪. સનાતન

(૨) નીચેના શબ્દના વિરોધી શબ્દ આપો. ૧

૧. આઝાદ ૨. દરિદ્ર

(૩) નીચેના શબ્દોનો સંધિ વિગ્રહ કરો. ૨

૧. અભિષિક્ત ૨. નિષ્ફળ

## વિભાગ-ડ (Literature)

**પ્ર-૪ અ. નીચેનામાંથી કોઈપણ ચાર વિધાનોનો પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો.** ૮

૧. 'જ્યાં ધર્માધર્મને વિશે જરા પણ શંકાને સ્થાન છે ત્યાં મા-બાપની આજ્ઞાની સામે બીજા કોઈ પણ મનુષ્યની આજ્ઞા મૂકી જ ન શકાય.'

૨. 'આ ધન સિવાય ચંપાના રાજવીથી ચીન સામે યુદ્ધ થાય એમ નથી. હું તેમને ધન આપી તેમનું રાજ્ય અને સત્તા ગીરવી લઉં છું.'

૩. 'જો ત્યારે ભાણાને તારી દુકાને બેસાડ. બહુ ભણ્યા એક ખાંડણી અને દસ્તો આપજે અને તને જે ઠીક લાગે તે કામ આપજે.'

૪. 'શું કરીએ, માજી ? એ તો શેઠ જ લોભિયા છે; બે રૂપિયા વધારે ખરચીને સારો માણસ ન રાખે ?'

૫. 'બહુ થયું. એ તો ગમે તેવો હતો પણ દિવાળીમાં કેટલી, અગવડ પડશે તેનો ખ્યાલ તમને આવે છે ?'

**બ. નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના સાત-આઠ વાક્યોમાં ઉત્તર આપો.** ૮

૧. 'કાંચન અને ગેરુ' વાર્તા દ્વારા લેખક શું સમજાવવા માગે છે તે તમારા શબ્દોમાં વર્ણવો.

૨. હાસ્ય અને કટાક્ષનું નિરૂપણ કરતા બે પ્રસંગો પાઠમાંથી નોંધો.

૩. નોકર પર પ્યાલો ચોર્યાનો વહેમ શા પરથી આવ્યો ? એ વહેમ શાથી પાકો થયો ?

**ક. નીચેનામાંથી ગમે તે બે પ્રશ્નોના બે-ત્રણ વાકયમાં જવાબ આપો.** ૪

૧. જ્યાં ધર્માધર્મને વિશે શંકા હોય ત્યાં ગાંધીજી કઈ રીતે વર્તવા કહે છે ?

૨. લેખક કયા કયા વિષયમાં નાપાસ થયા હતા ? શાથી ?

૩. મોટેરાંઓની સરખામણીએ બાળકોનું હૃદય વિશેષ સરળ હોય છે, એ વાર્તામાં કયાં કયાં જોવા મળે છે ?

**પ્ર-૫ અ. નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના બે-ત્રણ વાકયોમાં ઉત્તર આપો.** ૬

૧. કવિએ માતાની આંખડી, હાથ અને હૈયાની તુલના કોની કોની સાથે કરી છે ?

૨. કવિના મતે ફૂલ વીણવામાં વિલંબ થવાથી શું થશે ?

૩. શ્રીમંતાઈ અને ગરીબાઈ વચ્ચેનો ભેદ કઈ પંક્તિમાં બતાવવામાં આવ્યો છે તે જણાવો.

૪. 'કોણ' કાવ્યમાં ઝાકળ અને 'વૃક્ષના ફળ' વિશે શું કહેવાયું છે ?

**બ. નીચેનામાંથી ગમે તે બે પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.** ૮

૧ મેહુલો ગાજે ને માધવ નાચે' કાવ્યના આધારે નૃત્ય કરતા માધવનું વર્ણન કરો.

૨. સમાજમાં ચાલતો અવળો ન્યાય દર્શાવવા કવિએ કયાં કયાં ઉદાહરણો આપ્યાં છે ?

૩. સ્વતંત્રતા પછીની દેશની સ્થિતિ માટેની કવિની વેદના વર્ણવો.

**ક. નીચેનું કાવ્ય વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર તમારા શબ્દોમાં લખો.** ૬

ફૂલ વીણ, સખે ! ફૂલ વીણ, સખે !<br>
હજુ તો ફૂટતું જ પ્રભાત છે સખે !<br>
અધુના કલી જે વિકસી રહી છે;<br>
ઘડી બે ઘડીમાં મરતી દીસશે.<br>
સુમહોજ્જવલ આ કિરણો રવિનાં<br>
પ્રસરે હજુ તો નભ ઘુમ્મટમાં;<br>
ન વિલંબ ઘટે,<br>
કંઈ કાલ જતે,<br>
રવિ એ પણ અસ્ત થવા ઢળશે,<br>
નમતા શિર સૌ કુસુમો કરશે,

પછી ગંધ પરાગ નહીં મળશે !
ફૂલ વીણ, સખે ! ફૂલ વીણ, સખે !
હજુ તો ફૂટતું જ પ્રભાત, સખે !
નકી ઉત્તમ અગ્રિમ કાલ, સખે !
ભર યૌવન આ હજુ રક્ત, સખે !
ગતિ કાલની ચોક્કસ ન્હોય, સખે !
ભરતી પછી ઓટ જ તોય સખે !
ફૂલ વીણ સખે !
તક જાય સખે !
ઢળતી થઇ તો ઢળતી જ થશે,
રજની મહીં ચન્દ્ર ઊગે ન ઊગે;
હજુ દિવસ છે,
ફૂલડાં લઇ લે;
ફરી લે, રમી લે, હસી લે તું, સખે !
મૃગલાં રમત,
તરુઓ લડતાં,
વિહગો ઊડતાં,
કલીએ કલીએ ભ્રમરો ભ્રમતા;
ઝરણું પ્રતિ હર્ષભર્યું કૂદતું,
ઊગતો રવિ જોઇ ન શું હસતું ?
પછી કેમ વિમાસી રહ્યો તું સખે !
ફૂલ વીણ, સખે ! ફૂલ વીણ, સખે !
હજુ તો ફૂટતું જ પ્રભાત સખે !

પ્રશ્નો :

૧. ‘અધુના’ શબ્દનો અર્થ આપો.
૨. ‘સુમહોજ્જવલ’ શબ્દની સંધિ છૂટી પાડો.
૩. રવિ અસ્ત થતાં શું થશે ?
૪. ગતિ કાલની ચોક્કસ ન્હોય સખે’ એટલે શું ?
૫. મૃગલાં, તરુઓ, વિહંગો અને ભમરાઓ શું કરે છે ?
૬. વિમાસી રહેવું એટલે શું ?

પ્ર-૬ નીચેનામાંથી કોઇ પણ એક લેખકનો પરિચય આશરે ૨૦૦ શબ્દોમાં લખો. ૧૦

૧. ગાંધીજી ૨. સુંદરમ્ ૩. ઉમાશંકર જોશી

*All the Best*